
# કેદારનાથની ઉત્પત્તિ અંગે વિવાદ



ઉતરાખંડમા આવેલ ૧૨ જ્યોતિલિંગમાંથી એક કેદારેશ્વર જ્યોતિલિંગની ઉત્પત્તિ અને મંદિરના નિર્માણને લઇને ઇતિહાસકારોમાં મતભેદ રહ્યો છે. આ મંદિરને સૌ પ્રથમ કોણે બનાવ્યુ તે હજુ સુધી સ્પષ્ટ થઇ શકયુ નથી. પરંતુ ઇતિહાસ અનુસાર એવુ કહેવામા આવે છે કે ૩૫૦૦ વર્ષ પહેલા પાંડવોએ આ મંદિરનુ નિર્માણ કર્યુ હતુ. ત્યાર પછી ૮મી સદીમા શંકરાચાર્ય અને ૧૦મી સદીમા તેનુ પુનઃનિર્માણ રાજાભોજે કરાવ્યુ હતુ. ગ્વાલિયમા મળેલ રાજા ભોજના સ્તૃતિ પત્ર અનુસાર કેદારનાથ મંદિરને રાજા ભોજે ૧૦૭૬થી લઇને ૧૦૫૩ સુધી મંદિરનુ નિર્માણ કર્યુ હતુ. શૈવ લોકો શંકરાચાર્યએ મંદિર બનાવ્યુ તે પહેલા પણ આ જ્યોતિલિંગના દર્શન માટે જતા હતા. રાજા ભોજે પોતાના સમયમાં અનેક મંદિરોનુ નિર્માણ કરાવ્યુ હતુ. રાજા ભોજના નામથી ભોપાલમા એક ભોજપુર વસેલ છે. મધ્યપ્રદેશની વર્તમાન રાજધાની ભોપાલ તેમણે વસાવ્યુ હતુ આને પહેલા ભોજપાલ કહેવામા આવતુ હતુ.

કેદારનાથનો ઇતિહાસ : ગિરિરાજ હિમાલયની કેદાર નામની ચટ્ટાન પર સ્થિત કેદારનાથ મંદિર આવેલ છે. કેદારનાથ ધામ અને મંદિર ત્રણે બાજુથી પહાળોથી ધેરાયેલા છે. એક બાજુ ૨૨ હજાર ફૂટ ઊંચો કેદારનાથ પર્વત, બીજી બાજુ ૨૧હજાર ૬૦૦ ફૂટ ઊંચો ખર્ચ કુંડ અને ત્રીજી બાજુ ૨૨ હજાર ૭૦૦ ફૂટ ઊંચો છે ભરતકુંડ. અહીંયા પાંચ નદીઓનો સંગમ પણ થાય છે જેમાં મંદાકિની , મધુગંગા,ક્ષીરગંગા, સરસ્વતી અને સ્વર્ણગૌરી. આ નદીઓનુ અત્યારે કોઇ અસ્તિત્વ રહ્યુ નથી પરંતુ અલંકનંદાની સહાયક મંદાકિની અત્યારે પણ છે. આ નદીના કિનારે જ કેદારનાથ ધામ છે. અહીંયા શિયાળામા બરફવર્ષા થતી હોવાથી ત્યાં ખૂબ જ પાણી રહે છે. અહીંયા ઉતરાખંડનુ સૌથી વિશાળ શિવ મંદિર આવેલ છે. જે કટવા પથ્થરોના વિશાળ શિલાઓને જોડીને બનાવ્યુ છે. આ શિલાખંડ ભૂરા રંગના છે. મંદિર લગભગ ૬ ફૂટ ઉંચા ચબૂતરા પર બનાવેલુ છે. તેનો ગર્ભગૃહ પ્રાચીન છે જેને ૮૦ ના શતાબ્દીનુ માનવામા આવે છે. મંદિરના ગર્ભગૃહની અર્ધાની પાસે ચારે બાજુ ખૂણાઓમા ચાર સુદ્દઢ પાષાણ સ્તંભ આવેલ છે જયાંથી પ્રદક્ષિણા કરવામા આવે છે. સભામંડિપ વિશાળ અને ભવ્ય છે. તેની છત ચાર પાષાણના સ્તંભ ઉપર ટકેલ છે. વિશાલકાય છત એક જ પથ્થરમાંથી બનાવામા આવી છે. ગ્વાહ તરીકે આઠ પુરુષ પ્રમાણ મૂર્તિઓ છે. જે અત્યંત કલાત્મક છે. ૮૫ ફૂટ ઉઁચુ, ૧૦૭ ફૂટ લાંબુ અને ૮૦ ફૂટ પહોળુ છે કેદારનાથ મંદિર. તેની દિવાલો ૧૨ ફૂટ જેટલી મોટી છે જે મજબૂત પથ્થરોમાંથી બનાવેલ છે. મંદિરને ચબૂતરાની ઉપર બનાવામા આવ્યુ છે. નવાઇ લાગે તેવી વાત છે કે આટલા ભારે મંદિરને ૬ ફૂટ ઉંચે કેવી રીતે બનાવામા આવ્યુ હશે. પથ્થરોને એકબીજા સાથે જોડવા માટે ઇન્ટરલોકિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામા આવ્યો છે. આ મજબૂતી અને ટેકનોલોજીને કારણે નદીના વચ્ચે અડીખમ ઊભુ રહ્યુ છે. પુરાણની કથા અનુસાર કેદારપર્વત ઉપર ભગવાન વિષ્ણુના અવતાર નર અને નારાયણ ઋષિ તપસ્યા કરતા હતા. તેમની તપસ્યાથી ખુશ થઇને ભગવાન શિવ પ્રસન્ન થયા તથા પ્રાર્થના અનુસાર જ્યોતિલિંગના રૂપમા હંમેશા માટે તે પર્વત પર વસ્યા હતા. આ જ્યોતિલિંગનુ મંદિર સૌ પ્રથમ પાંડવોએ બનાવાનુ શરૂ કર્યુ હતુ. પરંતુ સમયના પ્રવાહને કારણે આ મંદિર લુપ્ત થઇ ગયુ. ત્યાર પછી ૮મી સદીમા શંકરાચાર્યએ એક નવા મંદિરનુ નિર્માણ કર્યુ. જે ૪૦૦ વર્ષ સુધી બરફથી ઢંકાયેલુ રહ્યુ હતુ. રાહુલ સાંકૃત્યાન અનુસાર આ મંદિર ૧૨મી ૧૩મી સદીનુ છે. અભિમન્યુના પુત્ર જનમેજયે આ મંદિરનો જીણોદ્ધાર કર્યો હતો. દીવાળીના બીજા દિવસથી આ મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવે છે તેમા જે દીવો સળગાવામા આવે છે તે દીવો છ મહિના સુધી સળગતો રહે છે. છ મહિના પછી જયારે આ દ્વાર ખોલવામા આવે છે ત્યારે મેં મહિનામા કેદારનાથની યાત્રા શરૂ થાય છે. છ મહિના સુધી મંદિરની આસ પાસ કોઇ રહેતુ નથી તેમ છતાં પણ દીવો સળગતો હોય છે અને મંદિર પણ સ્વચ્છ રહે છે.

# આટલા તીર્થસ્થાનો પર ખાસ જજો



ભારતમા દેવી દેવતાઓના અનેક પ્રસિદ્ધ મંદિરો આવેલા છે. ગંગા કિનારે પણ આવા અનેક મંદિરો છે અને ગંગામા સ્નાન કરવાથી પવિત્ર બની જવાય છે. પાપમાંથી મુક્તિ મળે છે. ભારતમા આવા પાંચ પ્રસિદ્ધ તીર્થસ્થાનો આવેલા છે જેમાં કૈલાશ માનસરોવર, કૃષ્ણ ભગવાનની મથુરા નગરી,

કૈલાશ માનસરોવર : આ હિન્દુઓ માટે ખૂબ જ મહત્વનુ તીર્થસ્થળ છે અને જૈન ધર્મ તથા બોદ્ધ ધર્મના લોકો પણ અહીંની ભૂમિને પવિત્ર માને છે. આ તીર્થ પહેલા ભારતમા આવેલ હતુ પરંતુ ભાગલા થયા તેથી હવે કૈલાશ માનસરોવર ચીનની સરહદેનુ ગણાય છે. તેથી આ બાબતે હંમેશા વિવાદ થાય છે. કેટલાક લોકો એવુ માને છે કે આ કૈલાશ માનસરોવર ચીનમાં છે તેથી તે સુરક્ષિત અને સ્વચ્છતા વાળુ છે નહીંતર ભારતના લોકો કૈલાશ સરોવરની સ્વચ્છતાને જાળવી શક્યા ન હોત. આ ભગવાન શિવનુ નિવાસ સ્થાન છે અહીંયા ભગવાન સાક્ષાત આવીને રહેતા હતા.

માન્યતા અનુસાર આ સ્થળને કુબેરની નગરી માનવામા આવે છે. અહીંથી જ ભગવાન વિષ્ણુના ચરણકમળોમાંથી નીકળને ગંગા કૈલાશ પર્વત સુધી પહોંચે છે . જયાં ભગવાન શિવ પોતની જટાઓ દ્વારા ગંગાને ધરતી સુધી પહોચાડે છે.

આ સ્થાન બૌદ્ધ ધર્મના લોકો માટે પણ તીર્થ સ્થળ છે. આ પર્વત સ્વંયભૂ છે કૈલાશ માનસરોવર એટલુ જ પ્રાચીન છે જેટલી અમારી પ્રાચીન સૃષ્ટિ છે. આ અલૌકિક જગ્યાએ પ્રકાશના તરંગો અને ધ્વનિ તરંગોનુ સમાગમ થાય છે જે ઓમની પ્રતિધ્વનિ કરે છે. કૈલાશ પર્વતના દક્ષિણ ભાગને નીલમ, પૂર્વને ક્રિસ્ટલ, પશ્ચિમને રુબી અને ઉત્તરને સ્વર્ણ રૂપ માનવામા આવે છે. કૈલાશ પર્વતની ઉંચાઇ ૨૨,૦૨૮ ફૂટ ઊંચો છે જયાં આખા વર્ષ દરમ્યાન બરફ છવાયેલો રહે છે. દર વર્ષે સાધુ સંતો અને ભક્તો કૈલાશ માનસરોવરની યાત્રા કરવા માટે જતા હોય છે. જેનાથી આ સ્થાનની પવિત્રતા અને મહત્વ વધી જાય છે. એવી માન્યતા છે કે મહરાજ માનધાતાએ માનસરોવરની શોધ કરી છે.

કાશી વિશ્વનાથ :

કાશી વિશ્વનાથને વારાણસી અને બનારસ પણ કહેવામાં આવે છે. ત્યાં પણ ભગવાન શિવની નગરી આવેલી છે. ગંગા કિનારે હજારો વર્ષ જૂનું હિન્દુઓનુ તીર્થ સ્થળ અહીંયા આવેલ છે જે બાર જયોતિલંગમાંથી એક જયોતિંલિંગ અહીંયા આવેલ છે જેને કાશી વિશ્વનાથ એવુ નામ આપવામા આવ્યું છે. પતિત પાવની ભગીરથી ગંગાના તટ પર આવેલ ધનુષકારી કાશી નગરી વાસ્તવમા પાપનાશક છે. ભગવાન શંકરને આ સ્થળ પ્રિય હોવાથી તેને કાશીનાખ નામ આપવામાં આવ્યુ છે. વિષ્ણુ ભગવાને પોતાના ચિંતનથી અહીંયા એક પુષ્કર્ણીનું નિર્માણ કર્યુ અને ત્યાં બેસીને તેમણે ઘોર તપસ્યા કરી હતી.

ભગવાન બુદ્ધે ગયામા બેસીને જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતુ અને પહેલુ પ્રવચન અહીંયા જ આપ્યું હતુ. જૈનના ત્રણ તીર્થકરોના જન્મ અહીંયા થયા હતા તેથી બોદ્ધ, જૈન અને હિન્દુઓ માટે આ પવિત્ર સ્થળ ગણાય છે. પુરાણોમા આ નગરીનુ ખૂબ જ વિસ્તૃત વર્ણન જોવા મળે છે. કબીરે પણ અહીંયા બેસીને પોતાનો સંદેશ દુનિયામા ફેલાયો હતો. તુલસીદાસજીએ આ નગરીમા બેસીને રામચરિત માનસની રચના કરી હતી. પહેલા કાશીમા સો મંદિરો આવેલા હતા પરંતુ મુસ્લમાનોના આક્રમણેને કારણે આ મંદિરો નાશ પામ્યા છે. તે જગ્યાએ મુસ્લિમોએ મસ્જિદનો નિર્માણ કર્યુ છ. મુસ્લિમ કાળના શાસન દરમ્યાને ઓરંગઝેબે આ પરિવર્તન કર્યુ હતુ. તેથી આ સ્થળ અત્યારે વિવાદોમા ફસાયેલુ છે.

આ મંદિર ઐતિહાસિક મહત્વ ધરાવે છે. મહારાણી અહલ્યાબાઇએ આ મંદિરના નિર્માણ માટે ખૂબ જ પૈસા આપ્યા હતા. લાહોરના રાજા રણજીતસિંહે આ મંદિરના શિખરના પુનનિર્માણ માટે એક હજાર કિલો સોનાનુ દાન આપ્યુ હતુ. કાશી વિશ્વનાથની ધરતીને ખૂબ જ પવિત્ર માનવામા આવે છે એવી માન્યતા છે કે જયારે પૃથ્વીનુ નિર્માણ થયુ હતુ ત્યારે પ્રકાશની પહેલી કિરણ કાશીની ધરતી ઉપર પડી હતી.

રામની અયોધ્યા :


ભગવાન રામનો જન્મ અયોધ્યામાં થયો હતો. જૈન ધર્મના પ્રથમ તીર્થકરનો જન્મ પણ અયોધ્યામા થયો હતો. પરંતુ અયોધ્યામા રામમંદિરને તોડીને ત્યાં મસ્જિદ બનાવામા આવી છે.મુગલ સમ્રાટ બાબરે આ મસ્જિદ બનાવડાવી હતી તેથી આ મસ્જિદનુ નામ બાબરી મસ્જિદ રાખવામા આવ્યુ છે. બાબર ભારતોનો બાદશાહ ન હતો.

કૃષ્ણની મથુરા નગરી : મથુરા ઉત્તર પ્રદેશ જીલ્લાના યમુના નદીના કિનારે આવેલ એક સુંદર શહેર છે. ૫૦૦ વર્ષ જૂના પ્રાચીન અવશેષો મળેલા છે. જેનાથી તેની પ્રાચીનતા સિદ્ધ થાય છે. કૃષ્ણ જન્મભૂમિ આસ્થાનુ પ્રમુખ કેન્દ્ર છે. રોહિણી નક્ષત્ર અને આઠમની તિથિએ ભગવાન કૃષ્ણનો જન્મ મથુરાના કારાવાસમાં થયો હતો. દેવકી અને નંદ તેમના માતા પિતા હતા. મથુરામા કંસ રાજા હતો. પરંતુ કંસના મૃત્યુ પછી ત્યાં એક સુંદર મંદિર બનાવમા આવ્યુ હતુ. પરંતુ મુસ્લિમાનોએ આ મંદિરની બાજુમા એક મોટી દરગાહ બનાવી દીધી છે. જે અત્યારે પણ તે જગ્યાએ વિદ્યમાન છે.

માતા વૈષ્ણો દેવી :

દર વર્ષે લાખો ભક્તો માતા વૈષ્ણો દેવીના દર્શને જતા હોય છે. દરરોજ ત્યાં ખૂબ જ ભીડ જોવા મળે છે. ભારતના જમ્મૂ કાશ્મીર રાજયના કટરાનગર નજીક વૈષ્ણોદેવી મંદિર પહાડ ઉપર આવેલ છે. વૈષ્ણોદેવીને માતા દુર્ગાનો અવતાર માનવામાં આવે છે. અહીંયા ભારતના જ નહીં પરંતુ વિદેશથી પણ લોકો માતાજીના દર્શન માટે આવતા હોય છે.

# હિમાચલપ્રદેશના મંદિર



દેવોની ભૂમિના નામથી પ્રખ્યાત હિમાચલ પ્રદેશમાં લગભગ બે હજાર મંદિરોની સ્થાપના કરવામા આવી છે. તેમાં હિન્દુ ધર્મની માન્યતા પ્રાપ્ત કરેલ શક્તિપીઠ આખા વિશ્વમાં પ્રખ્યાત છે તથા તેના કાંગડા જિલ્લામાં આવેલ એક વિચિત્ર મંદિર છે જે માત્ર એક જ પથ્થરને કાપીને બનાવામા આવ્યુ છે. ભગવાન શિવ અને રામ ભગવાનને સમર્પિત આ મંદિર લગભગ આઠમી સદીમા નિર્માણ કરવામા આવ્યુ હતુ. સમુદ્ધ તળેટીથી ૨૫૦૦ ફુટ ઉંચાઇ પર એક જ પથ્થરને કાપીને બનાવેલ મંદિર દેશનુ એકમાત્ર મંદિર માનવામા આવ્યુ છે. આ મંદિરને માત્ર એક જ વાર જોવાથી સ્પષ્ટ થઇ જાય છે કે તે સમયે પણ આ મહાન દેશની નિર્માણ કલા તથા નક્કશીકામ કેટલું સુંદર કરવામા આવ્યુ છે. આ મંદિર આ કાંગડાથી ૩૨ કિલોમીટર તથા શ્રી જ્વાલાજીથી ૩૪ કિલોમીટર દૂર આવેલ છે. મસરુર મંદિર કોઇ એક મંદિર નથી પરંતુ નવ મંદિરોનો સમૂહ છે. ઇતિહાસકારોનુ માનવુ છે કે પહેલાના સમયમાં અહીંયા ૧૫ મંદિરો હતા પરંતુ પ્રાકૃતિક કારણોને આ લુપ્ત થઇ ગયા છે. કિંવદંતિયોમાં આ મંદિરોનો સબંધ પાંડવો સાથે જોડવામા આવ્યો હતો. માન્યતા અનુસાર આ મંદિરના આંગણામા સ્થિત જળાશયના જળમાં દ્રૌપદીએ ભગવાન શિવની અર્ચના તથા જળઅભિષેક કર્યો હતો. કહેવાય છે કે આ મંદિરનુ એટલુ મહત્ત્વ છે કે અહીંયા પૂજા તથા તપસ્યા કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. અહીંયા આજે પણ વિશાળ પથ્થરોમાંથી બનાવેલા દરવાજા છે. જેને સ્વર્ગ દ્વાર નામથી ઓળખવામા આવે છે. કેટલીક અન્ય માન્યતાઓ અનુસાર પાંડવો પોતાના સ્વર્ગારોહણથી પહેલા આ સ્થાન પર રહેતા હતા. એટલા માટે જ પથ્થરવાળા દરવાજાને સ્વર્ગ જવા માટેનો માર્ગ કહેવામા આવે છે. આ મંદિરોમા નંદી તથા ભગવાન શિવનો સમર્પિત અત્યંત સુંદર અને આકર્ષક મંદિર છે જેમાં નંદીને મુખ્ય મંદિરના પથ્થરમાંથી બનાવેલ મંદિરની છતની બહાર દક્ષિણ ભારતીય શૈલીમાં સ્થાપિત કરવામા આવ્યા છે. તેની બાજુમા રામસીતા અને લક્ષ્મણજીની મૂર્તિયા પણ સ્થાપિત કરવામા આવી છે. ઉપરના માળે જવા માટે પથ્થરમાંથી દાદર પણ બનાવામા આવ્યો છે. હિમાચલ પ્રદેશનુ આ મંદિર ઉત્તર ભારતના અન્ય ધર્મસ્થળ કરતા તદ્દન અલગ છે. મંદિરની રચના અદ્ભુત છે. અહીંયાની મૂર્તિકલા દક્ષિણ ભારતીયની વાસ્તુકલાના નક્શીકામની છાપ તેને વધારે અદ્ભુત બનાવે છે.

# શનિદેવની કેટલીક ચમત્કારિક પીઠ

શનિદેવ વિશે કહેવાય છે કે શનિદેવ પ્રસન્ન રહે તો બધુંય સારુ પરંતુ જો કોપાયમાન થાય તો તેમના ક્રોધથી બચવુ મુશ્કેલ છે. તેથી શનિદેવના ભક્તો તેમને પ્રસન્ન રાખવા માટે તેલ ચઢાવે છે. ભારતમાં ભગવાન શનિ દેવના નવા નવા અનેક મંદિરો બની રહ્યા છે. ભારતમા શનિદેવના પણ કેટલાક પીઠ છે પરતું તેમા ત્રણ પ્રાચીન અને ચમત્કારી પીઠ છે. આ ત્રણે પીઠના દર્શન કર્યા પછી મનુષ્ય પોતાના પાપમાંથી છુટકારો મેળવી શકે છે. લોકો શનિદેવના દંડમાંથી મુક્તિ મેળવવા માટે આ પીઠમા દર્શન કરવા માટે જાય છે.



**મહારાષ્ટ્રમા એક ગામ શિંગણાપુર છે જયાં શનિદેવની શક્તિપીઠ આવેલ છે. આ ગામ વિશે એવુ કહેવાય છે કે અહીંયા રહેતા લોકો કયારેય પોતાના ઘરમા તાળું મારતા નથી. અને અત્યાર સુધી ત્યાં કોઇ ચોરી પણ થઇ નથી**

જીવનમાં કોઇ પણ મુશ્કેલ કામ હોય કે શનિ ગ્રહનો પ્રકોપ હોય પરંતુ આ શનિદેવના પીઠે દર્શન કરીને લોકો ભયમુક્ત બની જાય છે. માનવામા આવે છે કે કેટલાય વર્ષોથી અહીંયા હજારો ભક્તો દર્શન કરવા માટે આવે છે અને કેટલીક ચમત્કારિક ઘટનાઓ પણ થાય છે.

શનિ શિંગણાપુર : શનિ શિંગણાપુરનો મહિમા અપરંપાર છે.મહારાષ્ટ્રમા એક ગામ શિંગણાપુર છે જયાં શનિદેવની શક્તિપીઠ આવેલ છે. શિંગણાપુર ગામમાં ભગવાન શનિદેવનો અદ્દભૂત ચમત્કાર છે.આ મંદિરમા શનિદેવની અત્યંત પ્રાચીન પાષાણ પ્રતિમા છે.

આ પ્રતિમાને સ્વંયભૂ માનવામા આવે છે. વાસ્તવમા આ પ્રતિમાનો કોઇ આકાર નથી. એક પાષાણની શનિદેવના રૂપમા પૂજા કરવામા આવે છે.શનિદેવના આ ગામની રક્ષા તેઓ પોતાના પાશથી કરે છે. આ ગામ વિશે એવુ કહેવાય છે કે અહીંયા રહેતા લોકો કયારેય પોતાના ઘરમા તાળું મારતા નથી. અને અત્યાર સુધી ત્યાં કોઇ ચોરી પણ થઇ નથી. કહેવાય છે કે આ ગામમાં બહારનો કોઇ માણસ ચોરી કરે તો તે ગામની સીમાને ઓળંગી શકતો નથી. તેના પર શનિદેવનો પ્રકોપ ભારે થઇ જાય છે. ચોરને પોતાની ચોરી સ્વીકારવી પડે છે અને શનિદેવના શક્તિપીઠમા જઇને માંફી માંગવી પડે છે.આવુ ના કરે તો તેનુ જીવન નર્ક સમાન બની જાય છે. શનિદેવના આ શક્તિપીઠે હજારો ભક્તો આવતા હોય છે ત્યાં પુરુષોએ સ્નાન કર્યા પછી ભગવા કપડાં પહેરીને શનિદેવને તેલ સિંદુર લગાવે છે. તલનું તેલ ચઢાવીને પાષાણ પ્રતિમાની પ્રદક્ષિણા કરે છે. દર્શન કર્યા પછી ભક્તો અહીંયા આવેલ દુકાનોમાંથી કાળા કપડાંની બનેલી ઢીંગલી અને ઘોડાની નાળ ખરીદે છે. આ ઘરની બહાર લગાવામા આવે તો ભૂર્તપ્રેત દૂર રહે છે અને ઘરમા સુખશાંતિ રહે છે. અહીંનુ મંદિર ખૂબ ભવ્ય અને વિશાળ છે. ત્યાં ભક્તો માટે જમવાની અને રહેવાની વ્યવસ્થા પણ કરવામા આવે છે.

બીજી માન્યતા એવી છે કે આ ગામમાં કોઇ વ્યકિતને સાપ કરડે ત્યારે તેનુ ઝેર ઉતારવા માટે મંદિરમા લાવવામા આવે છે. શનિદેવની કૃપાથી વ્યકિત ઝેરની અસરથી મુક્ત થઇ જાય છે.

શનિશ્વરા મંદિર મધ્ય પ્રદેશના ગ્વાલિયર પાસે આવેલ છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે અહીંયા હનુમાનજી દ્વારા લંકા પરથી ફેંકાયેલ અલૌકિક શનિદેવનુ પિંડ છે. અહીંયા શનિશ્ચરી અમાસના દિવસે મેળો ભરાય છે. ભક્તો અહીંયા તેલ ચઢાવે છે અને પોતાના ચંપલ, કપડાં કે અન્ય વસ્તુનો ત્યાગ કરે છે. આવુ કરવા પાછળ એવી માન્યતા છે કે જે વ્યકિત આવુ કરે છે તેને પાપ અને દરિદ્રતાથી છુટકારો મળે છે.

સિદ્ધ શનિદેવ :

ઉત્તરપ્રદેશના કાશીથી છ કિલોમીટર દૂર કૌકિલા વનમાં સ્થિત છે સિદ્ધ શનિદેવ મંદિર.તેના વિશે પૌરાણિક માન્યતા એવી છે કે અહીંયા શનિદેવના રૂપમા ભગવાન શ્રી કૃષ્ણ બિરાજમાન છે.


**ICICI Home Finance** | **કોર્પોરેટ ઓફિસ :** આઇસીઆઇસીઆઇ હોમ ફાઇનાન્સ કંપની લિ., આઇસીઆઇસીઆઇ એચએફસી ટાવર્સ, અંધેરી – કુર્લા રોડ, અંધેરી(ઇસ્ટ), મુંબઇ –૪૦૦૦૫૯, ભારત

શાખા ઓફિસ : પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મિઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા –૩૮૦૦૦૯

**(કાયદા નં.૮(૬)ની જોગવાઇ જુઓ)**
**સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ**

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઇ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઇ–નિલામી નોટિસ
જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઇસીઆઇસીઆઇ હોમ ફાઇનાન્સ કંપની લિ.ના સત્તાવાર અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલકતોનો ભૌતિક કબજો લેવામાં આવેલ છે, આ ગિરો મિલકતોની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલકતો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઇ પણ આધાર છે અને કોઇ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

| ક્રમ નં. | દેવાદારોનું/સહ દેવા –દારોનું /જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ | જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો | બાકી લેણાં રકમ(રૂ) | અનામત કિંમત બાનાની થાપણ કિંમત | મિલકત નિરિક્ષણની તારીખ અને સમય | ઇ–નિલામિની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) | (જી) |
| ૧ | દ્વિવેદી પુણ્યપ્રકાશ રામશંકર (દેવાદાર) દ્વિવેદી કનકલતા પુણ્યપ્રકાશ (સહ દેવાદાર) લોન ખાતા નં. LHAHZ00001352156 LHAHZ00001352117 | ફ્લેટ નં.ડી/૧૦૪, પહેલો માળ, આનંદ ક્રિષ્ટલ નામે જાણિતી સ્કમીની અંદર, સર્વે નં.૩૧૨ ખાતે સ્થિત, આખરી પ્લોટ નં.૨૫૫, ટી.પી.સ્કીમ નં.૬૯, (ચાંદખેડા-ત્રાગડ-ઝુંડાલ) ખાતે સ્થિત, ગામ-ત્રાગડની સીમમાં આવેલ, તાલુકો ઘાટલોડિયા, જીલ્લો અમદાવાદ અને સબજીલ્લો અમદાવાદ-૮(સોલા) | રૂા. ૫૩,૬૫,૧૩૨.૦૦/- માર્ચ ૧૯, ૨૦૨૪ | રૂા.૪૪,૫૬,૮૩૬/- રૂા.૪,૪૫,૬૯૦/- | એપ્રિલ ૧૫, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે | એપ્રિલ ૨૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક |
| ૨ | શર્મા ઋષી અવિનાશભાઇ (દેવાદાર) શર્મા કિરણ ઋષી (સહ દેવાદાર) લોન ખાતા નં. LHAHZ00001362281 LHAHZ00001359943 | મિલકત બેરિંગ પ્લોટ નં.૫૦૧ ઉપર બાંધકામ કરેલ રહેવાસી ફ્લેટના તમામ ભાગો અને પાર્સલો, પાંચમા માળ ઉપર, બ્લોક-બી, રાધે કિશન ફ્લેટની જમીન ઉપર આવેલા બ્લોક બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઈ અને જે, બિન ખેતીલાયક જમીન બેરિંગ આખરી પ્લોટ નં.(૨૭૫/૧+૨+૩) ૧+૧૨૫/૨ ((૧) ના બદલામાં ફાળવેલ) એકીકૃત સર્વે નં.૨૪૭+૧+૨૫૫-૧+૨+૨૫૬ પૈકી (ઉત્તર તરફી)(એકીકૃત જુના સર્વે નં.૨૪૭/૧), સર્વે નં.૨૪૭/૨, સર્વે નં.૨૫૫/૧, સર્વે નં.૨૫૫/૨, સર્વે નં.૨૫૬, સર્વે નં.૮૪/૨ (દક્ષિણ તરફી) સર્વે નં.૩૭૧, સર્વે નં.૩૯૦ પૈકી (ઉત્તર તરફી) કે જે હવે એકીકરણ કરીને ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧ તરીકે ડ્રાફ્ટ કરેલ, (મહેમદાબાદ-ખાત્રજ), મહેમદાબાદ ખાતે આવેલ અને સ્થિત, તા.મહેમદાબાદ, નોંધણી જી.ખેડા અને મહેમદાબાદનો સબજીલ્લો. | રૂા. ૨૬,૮૯,૧૫૨.૦૦/- માર્ચ ૧૯, ૨૦૨૪ | રૂા.૧૯,૬૮,૩૦૦/- રૂા.૧,૯૬,૮૩૦/- | એપ્રિલ ૧૫, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે | એપ્રિલ ૨૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક |
| 3 | રાજુભાઇ મનિષભાઇ કોઠિયા (દેવાદાર) કોઠિયા સીમા રાજુભાઇ (સહ દેવાદાર) લોન ખાતા નં. LHAND00001461256 LHAND00001461252 | રહેવાસી બંગ્લો નં.૬૩, સંત વીલા તરીકે જાણીતો, સર્વે નં.૧૮૭ની અંદર પ્લોટ નં.૫૫ ઉપર બાંધકામ કરેલ, મોજે-મનજીપુરા, સબજીલ્લો નડિયાદ, જીલ્લો ખેડા. | રૂા. ૬૨,૨૩,૬૫૬.૦૦/- માર્ચ ૧૯, ૨૦૨૪ | રૂા.૩૯,૪૮,૦૩૦/- રૂા.૩,૯૪,૮૧૦/- | એપ્રિલ ૧૫, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે | એપ્રિલ ૨૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક |

ઓનલાઈન ઈ-નિલામી આપણી ઈ-નિલામી એજન્સી ગ્લોબટેક દ્વારા (URL Link-/https://BestAuctionDeal.com) ઉપર યોજવામાં આવશે.
ગીરવેદારોને આગળના વ્યાજ સાથે કુલ બાકી લેણાં રકમ એપ્રિલ ૨૨,૨૦૨૪ નારોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં ચુકતે કરવા માટે આખરી તક આપવામાં આવે છે, અન્યથા ઉપરોક્ત ગીરો મિલકત ઉપરોક્ત અનુસૂચિ પ્રમાણે વેચાણ કરી દેવામાં આવશે.
રસ ધરાવતા બિડરોએ તેમની બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા એપ્રિલ ૨૨,૨૦૨૪ના રોજ સાંજે ૪-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મિઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા -૩૮૦૦૦૯. ખાતે જમા કરાવવાની રહેશે (કોલમ-ઈ જોશો). ખાસ ધ્યાન આપો કે જો રસ ધરાવતા બિડરો ઉપરોક્ત સમય સુધીમાં તેમની ઓફર સબમિટ કરી શકતા નથી તો ટેન્ડર દસ્તાવેજોની સાઈન કરેલી કોપીને એપ્રિલ ૨૨,૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મિઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા -૩૮૦૦૦૯ ખાતે સબમિટ કરી શકે છે. બાનાની થાપણ કિંમત (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) નેશનલાઈઝડ/ શેડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.-ઓક્શન નામનો પેયેબલ એટ અમદાવાદ, મહેમદાબાદ, ખેડા નો બનાવીને જમા કરાવાનો રહેશે.
મિલકત નિરિક્ષણ કે ઈ-નિલામીના નિયમો અને શરતો કે ટેન્ડર ના સબમિશનને લગતી વધુ જાણકારી માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. ના સેલ્સ અને માર્કેટિંગ ના ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો ૯૯૨૦૮૦૭૩૦૦ ઉપર સંપર્ક કરી શકો છો. સત્તાવાર અધિકારીને કોઈ જાતના કારણો આપ્યા વિના કોઈ એક બિડ કે દરેક બિડને નકારવાનો સંપૂર્ણ હક છે.
વિગતવાર વેચાણને લગતા નિયમો અને શરતો માટે કૃપા કરી https://www.icicihfc.com/ ની મુલાકાત લેશો.

તારીખ : માર્ચ ૨૨, ૨૦૨૪
સ્થળ : અમદાવાદ, મહેમદાબાદ, ખેડા

સહીં અધિકૃત અધિકારી
આઇસીઆઇસીઆઇ હોમ ફાઇનાન્સ કંપની લિમિટેડ



**સાંકેતિક કબજા નોટીસ**

**ICICI Home Finance** | **રજીસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુરલા રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ - ૪૦૦૦૫૯.
**શાખા ઓફિસ :** પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલજી શોરૂમની સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની પાછળ, મીઠાખળી છ રસ્તાની પાસે, નવરંગપુરા - ૩૮૦૦૦૯.
**શાખા ઓફિસ :** યુનિટ નં. ૦૩, પહેલો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જીઆઈડીસી, ૨૧મી સેન્ચયુરી હોસ્પિટલની પાછળ, વાપી - ૩૯૬૧૯૫.

આથી, **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત નીચે દર્શાવેલ ઉધારકર્તાઓની માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવેલ હતું. ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ની રકમ બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું નામ/લોન એકાઉન્ટ નં. | મિલકતનું વર્ણન / પઝેશનની તારીખ | ડીમાન્ડ નોટીસની તારીખ/ડીમાન્ડ નોટીસ નીબાકી રકમ (રૂા.માં) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | મનોજકુમાર પ્રહલાદભાઈ પટેલ (ઉધારકર્તા), જયશ્રી મનોજકુમાર પટેલ (સહ-ઉધારકર્તા) NHABD0000733684 | ફ્લેટ નં. એ/૧, ગ્રાઉન્ડ ફ્લોર, પાલ્મ ગ્રોવ એપાર્ટમેન્ટ, સંભવ પ્રેસ ની પાસે, ન્યુ યોર્ક પ્લાઝાની પાછળ, એસ. નં. ૩૧૮/૨/૨, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૫૪. (Ref LAN No. NHABD0000733684). ચતુ:સીમા : ઉત્તરે : બી-૨, દક્ષિણે : સંભવ પ્રેસ, પૂર્વે : પાર્કિંગ, પશ્ચિમે : જોડેનો ફ્લેટ. (પઝેશનની તારીખ : ૧૬.૦૩.૨૦૨૪) | ૩૧.૦૭.૨૦૨૩ ------ રૂા. ૧૦,૭૮,૩૦૨/- | અમદાવાદ (પશ્ચિમ) બી |
| ૨. | નામદેવ પી ચાંદીવાલે (ઉધારકર્તા), સ્નેલતા નામદેવ ચાંદીવાલે (સહ-ઉધારકર્તા) LHVPI00001526896 | ૨, ફ્લેટ નં. સી-જી-૦૨, ગ્રાઉન્ડ ફ્લોર, કર્મભૂમી કોમ્પ્લેક્ષ, સર્વે નં. ૨૮૦/૨, અરીહંત ગાર્ડન ની પાસે, ચાણોદ, વાપી, ચાણોદ - ૨૮૦/૨, વાપી, ગુજરાત - ૩૯૬૧૯૧. (Ref LAN No. LHVPI00001526896). ચતુ:સીમા : ઉત્તરે : બિલ્ડીંગનું પાર્કિંગ, દક્ષિણે : ખુલ્લી જગ્યા, પૂર્વે : ફ્લેટ નં. સી-જી-૦૧, પશ્ચિમે : બિલ્ડીંગનું પાર્કિંગ. (પઝેશનની તારીખ : ૧૮.૦૩.૨૦૨૪) | ૧૯.૧૨.૨૦૨૩ ------ રૂા. ૧૧,૯૮,૨૮૦.૯૮ | વાપી - બી |
| ૩. | આંગદ ઠાકુર (ઉધારકર્તા), પૂજા દેવી (સહ-ઉધારકર્તા) LHVPI00001532180 | એ-૨૦૨, ખેતેશ્વર એવન્યુ, ફ્લેટ નં. ૨૦૨, બીજો માળ, બિલ્ડીંગ એ. એસ. નં. ૨૭/૧ + ૨૮/૧૧ પૈકી, પ્લોટ નં. ૪૦, ૪૧, ૪૨, મોજે - છારવાડા, વાપી, વલસાડ, છારવાડા, એસ. નં. ૨૭/૧ + ૨૮/૧૧ પૈકી, વાપી, ગુજરાત - ૩૯૬૧૯૧. (Ref LAN No. LHVPI00001532180). ચતુ:સીમા : ઉત્તરે : ફ્લેટ નં. ૨૦૧, દક્ષિણે : ફ્લેટ નં. ૨૦૩, પૂર્વે : જગ્યા, પશ્ચિમે : ખુલ્લી જગ્યા. (પઝેશનની તારીખ : ૧૮.૦૩.૨૦૨૪) | ૧૯.૧૨.૨૦૨૩ ------ રૂા. ૧૦,૪૬,૦૧૮/- | વાપી - બી |
| ૪. | આંગદ ઠાકુર (ઉધારકર્તા), પૂજા દેવી (સહ-ઉધારકર્તા) LHVPI00001532421 | એ-૨૦૨, ખેતેશ્વર એવન્યુ, ફ્લેટ નં. ૨૦૨, બીજો માળ, બિલ્ડીંગ એ. એસ. નં. ૨૭/૧ + ૨૮/૧૧ પૈકી, પ્લોટ નં. ૪૦, ૪૧, ૪૨, મોજે - છારવાડા, વાપી, વલસાડ, છારવાડા, એસ. નં. ૨૭/૧ + ૨૮/૧૧ પૈકી, વાપી, ગુજરાત - ૩૯૬૧૯૧. (Ref LAN No. LHVPI00001532421). ચતુ:સીમા : ઉત્તરે : ફ્લેટ નં. ૨૦૧, દક્ષિણે : ફ્લેટ નં. ૨૦૩, પૂર્વે : જગ્યા, પશ્ચિમે : ખુલ્લી જગ્યા. (પઝેશનની તારીખ : ૧૮.૦૩.૨૦૨૪) | ૧૯.૧૨.૨૦૨૩ ------ રૂા. ૫૧,૪૭૧/- | વાપી - બી |

ઉપરોકત ઉધારકર્તાઓ / જામીનદારોઓને આથી રકમની ચુકવણી કરવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે, અન્યથા આ નોટીસના પ્રકાશન તારીખ થી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મુકેલ મિલકતો સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮ અને ૯ હેઠળ વેચવામાં આવશે.

અધિકૃત અધિકારી,
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ

તારીખ : ૨૨.૦૩.૨૦૨૪, સ્થળ : અમદાવાદ, વાપી